श्री

दैवी स्तुतिनां गायन.

રચીને પ્રસિદ્ધ કરનાર,

ગિરિજાશંકર લાલજી, આચાર્ય, ઊમાપુર વાશી,

હુબલી, પ્રાઇવેટ વાર્નાક્યુલર સ્કૂલ માસ્તર.

આવૃત્તિ પહેલી, પ્રત ૧૦૦૦.

અમદાવાદમાં

પથ્થર કુવે અમદાવાદ યુનાઇટેડ પ્રિંટિંગ અને જનરલ
એજન્સી કંપની "લિમિટેડ" ના પ્રેસમાં,

રણછોડલાલ ગંગારામે છાપ્યો.

સંવત ૧૯૫૯. ઈ. સ. ૧૯૦૩.

કિંમત બે આના.

અર્પણ પત્રિકા.

સદ્ગુણ સંપન્ન મિત્રવર્ય,

નરસિંરામ જગજીવન, દ્વોવેદિ,

મુકામ ઊમાપુર, (ઊંઝા).

હરિગીત.

વ્હાલા વિવેકી વડીલ બન્ધુ વ્હાલ ઘડી નવ વીસરે,
સદ્ગુણના ભંડાર ને છો હાર મમ ઊરના ખરે ;
સુધ પ્રેમની ગણુના કરીને હરઘડી હ્રદયે ધરૂં,
નર રત્ન હે નરસિંહ અરપણ ગ્રંથ આતમને કરૂં. ૧
સાથે હર્યા સાથે ફર્યા સાથે રહી વિધા ભણ્યા,
સદ્બોધેન અર્પી સદા અવગુણ મારા ના ગણ્યા ;
જગમાં નથી તુજ જોડ બીજી કોઇ કહુંછું હું ખરૂં,
નર રત્ન હે નરસિંહ અરપણ ગ્રંથ આતમને કરૂં. ૨
તસ્તી સહી ટેકી ગ્રહી સંકટ હર્યાં નીજ મીત્રનાં,
સુપંથને દર્શાવીને કારજ કર્યા મુજ હીતનાં ;
સુખ દધી હે સ્નેહિ તારા શુભ ગુણોશા ઊચરૂં,
નર રત્ન હે નરસિંહ અરપણ ગ્રંથ આતમને કરૂં. ૩

લી૦ સ્નેહાધિન,

ગિરિજાશંકર લાલજી, આચાર્ય,
હુબલી.

પ્રસ્તાવના.

સર્વ ધર્મોત્તેજક બન્ધુઓ પ્રત્યે અલ્પમતિ ગ્રંથ કર્ત્તાની પ્રાર્થના સાથે વિજ્ઞપ્તિ છે કે, આ પુસ્તકની સર્વ ઊત્પન્ન શ્રી અંબિકાર્પણ છે. માટે ત્વરાથી ખરીદ કરશો. અને ગાયનમાં ભૂલ ચૂક દ્રષ્ટિ ગોચર થાય તે સુધારીને વાંચશો તથા તેને માટે માફી આપી સુચના કરી આભારી કરશો એટલે તે પ્રમાણે બીજી આવ્રતિમાં સુધારો કરવામાં આવે.

હુબલી,
માહા સુદ ૬ વાર મંગળ.

લી૦ મંમાયાનો કનિષ્ટ શેવક,
ગિરિજાશંકર લાલજી, આચાર્ય.

श्री शकटंबा प्रसन्नोस्तु.

સાર્દુલ.

આરાધું આઈ ઈશ્વરી ભગવતી પૂજું ઘણા પ્રેમથી,
ધારૂંછું સુખદાયની શશિમુખી ધ્યાને સદા નેમથી;
કાપી પાપ અમાપ વાંક સરવે મારી દિયો શૈલજા,
પ્રીતેથી પ્રણમું હમેશ ગિરિજા પાળો મને સર્વદા.

મલિની.

સુખ કર સુભ તારૂં નામ નીત્યે ઉચ્ચારૂં,
શશિ સમ છબિ તારી ધ્યાનમાં રોજ ધારૂં;
ભમિ ભમિ બહુ થાક્યો સાધવા ધામ તારૂં,
તુજ વણ નથિ બીજું સાહ્ય થાનાર મારૂં.— ૧
અસુર દળ નિવારી દેવનું દુઃખ કાપ્યું,
અભય વર દઈને સામટું સુખ આપ્યું;
અકળિત ગતિ તારી શેષથી ના કથાય,
મતિ ગતિ કર સારી લાલજી સુત ગાય.— ૨

હરિગીત.

ઉમા જગતની આદ્ય જનની, દેવિ ખરી તું એકલી;
માહાત્મ્ય તારૂં વિદિત સૌને, ભવાબ્ધિ તારક તું ભલી;
પૂરણ કર્યાં મેં પાપ, કરસો માફ નિત ધ્યાને ધરૂં;
રહીને શરણ ધરિને ચરણ, તુજ નામની રટના કરૂં. ૧

વાણી મને કર્મે કરી, સેવું તને હે ઇશ્વરી;
શીતળ કરો આ કાય, ત્રણ વિધ તાપ મારાં પરહરી;
ગિત તાહરાં ગાતાં મધુર, તૃપ્તી ન લેશ કશી થતી;
રિતી સુનીતિ પાળું એવી, અર્પે મા મુજને મતી. ૨
જાણી શીશુ સંતાપ હારી, વ્હાર કરજે હે સતી;
સંહાર શત્રુ સઘ સઘળા, ધીરજ તો રેતી નથી;
કરજો કૃપા માતા વિધાતા, ભટકું ભવ ભૂલો પડી;
રણમાં રખડતો ને રઝળતો, જઈશ માજી હું સડી. ૩
લાગું તને હું પાય વાર હજાર, કર શીરે ધરો;
લઈ અલ્પ વિંનતિ ઉરમાં, રિદ્ધિ દઈ સુખીયો કરો;
જીવન બધું તારે વડે, તારો ખરો છે આશરો;
શીદેવીં તારા નામનો, સુધા તણો મોટો ઝરો. ૪

શીખરણી.

અહો માતા તારી સુખદ છબિ મારા ઉર વશી,
દયા દ્રષ્ટી થાતાં સકળ દુખ જાયે દુર ખશી;
પુજે પ્રેમે પારો જન ભવ સરિંતા ઝટ તરે,
રહી શર્ણે તારે નમન ગિરિજાશંકર કરે. ૧
અજાણે મેં સેવા કરીં નહિ દયાળુ દિલ ધરી,
છતાં દેવી દાતા સુત પર કરો કોપ ન જરી;
ચડો વારે મારી તુજવિણ નહીં કારજ સરે,
રહી શર્ણે તારે નમન ગિરિજાશંકર કરે. ૨

નમું નીત્યે અંબા અતિ સુખ થવા જગત જનુની,
રટું હું રોજીંદા શશિમુખિ પુરો આશ મનની;
ભલી મા ભક્તોનાં સુભ મતિ દઈ પાતિક હરો,
રહી શર્ણે તારે નમન ગિરિજાશંકર કરે. ૩

(નિર્બળ શત્રુ સબળ રાજ પર, એ રાગ.)

મા જગ જનની સંકટ હરણી જગતંબા તું સાહ્ય કરે;
શારદ નારદ ને સુર સંગા અજ ઇંદ્રાદિક ધ્યાન ધરે;
પ્રીતે ચાલી આવ્યો પાસ કરો હૃદયમાં વાસ. (૨)
સ્તુતિ તારી કરૂં માજી જોડી બેઉ હાથ,
ગિરિજાશંકર ને મા ગણી લેશો દાસ. પ્રીતે.—મા જગ.

ભુજંગી.

વડાં અંબિકા વેદ માતા દયાળુ, ચુંવાળે વસ્યા બૈચરા મા કૃપાળુ;
કર્યો મેરિ નો મર્દ હે જગતત્રાતા, ભજું હું ભવાની ભલી ભોળિ માતા. ૧
ચઢી વાઘ પીઠે સજ્યાં શસ્ત્ર સારાં, અતિ ઓપતાં અંબરો અંગ ધાર્યાં;
હણ્યા દાનવો દેવ પુંઠે પળાતા, ભજું હું ભવાની ભલી ભોળિ માતા. ૨
પતાઈ તણું તો પુરૂં પાપ જાગ્યું, તજી લાજને સામટું દુઃખ માગ્યું;
ફરી સોધ લીધી રૂડા ગુંણુ ગાતાં, ભજું હું ભવાની ભલી ભોળિ માતા. ૩
ખરો આશરો એક તારોજ ભારી, નથી કોઈ બીજું કરે ખોજ મારી;
તમે માતને તાત મારાં વિધાતા, ભજું હું ભવાની ભલી ભોળિ માતા. ૪
કરેલા વડા વાંક તે સર્વે સેશો, કરી વાર મારી શિરે હાથ દેશો;
સદા સુંખકારી દિયો સઘ સાતા, ભજું હું ભવાની ભલી ભોળિ માતા. ૫

ભલા ભાદ્રમાસે ઘણા સંઘ આવે, ભરી થાળ મોતી તને મા વધાવે;
સહુ વીઘ્ન જાયે દયા દ્રષ્ટિ થાતાં, ભજું હું ભવાની ભલી ભોળિ માતા. ૬
જનો જે મુખેથી રૂડા છંદ ગાશે, પરીવાર પામી સુખી ખૂબ થાશે;
ટળે તાપ અંબા તણું શર્ણું સાતાં, ભજું હું ભવાની ભલી ભોળિ માતા. ૭
પુજું પ્રેમથી પાવડી માત તારી, કરૂં વિંનતિં ધ્યાન માં લ્યો ઉતારી;
નમે લાલજી સુત ઘો મોક્ષદાતા, ભજું હું ભવાની ભલી ભોળિ માતા. ૮

(છે જન પાળક ટાળક દુઃખનો, એ રાગ).

હે મમ માતા સુખની દાતા શેવક નીત હિત ચાહાયછે,
ગુણ છે તારા અપરમ પાર શારદ બેસે થઈ તૈયાર;
લખતાં લેશન પામે પાર અગણીત ભવ વહી જાય છે. હે મમ માત૦
અનુપમ અંબર અંગે ધારી રજની રમવા ગરબે સારી,
અંબા તુળજા બહુચર માય સહચરી ખેચરી ભેળી થાય;
સર્વે મળીને ગાણાં ગાય આનંદ ઓત્સવ થાય છે. હે મમ માતા૦
ભવ ભોળીને જે જન ભજશે પાતીક પૂર્વ જનમનાં તજશે,
દીલમાં લાવો દેવી દયાય બાળક ધારી કરો સહાય;
ગિરિજાશંકર પ્રણમી પાય પ્રેમ ધરી ગુણ ગાય છે. હે મમ માતા૦

(માર માર તલવાર ઉભો જુએ છે શું, એ રાગ).

આ ભવ નિધી પાર, અંબે તારેતો તું; (૨)
તારેતો, તારેતો, તારેતો તું. આ ભવ૦
કુટીલ કુમતિ થકી કચરાઇએ, સુમતિ સમરપી સુધારેતો તું. આ ભવ૦
ઘોર કુકર્મી પ્રાણી બુરોછું, સ્હાય કરીને ઉગારેતો તું. આ ભવ૦

દુઃખી દુનીયામાં બળતો દેખીને, કૃપા દ્રષ્ટીથી ઠારેતો તું. આ ભવ૦
બાળક પોતાનો જાણીને માજી, અવગુણ મારા નિવારેતો તું. આ ભવ૦
ભાવેથી ભક્તી કરે જન જેવી, તેનાં તેવાં કૃત્ય સારેતો તું. આ ભવ૦
ગિરિજાશંકરની આ અરજી, ધારે તારે મારેતો તું. આ ભવ૦

સાંભળુંશા બોલો તમારા રાણી, એ રાગ.

આરાસુરી અંબે તારો બાળક જાણી. (૨)
આરાસુરમાં જુગતી છે સારી, છબિ નીહાળું પ્રેમે પ્યારી;
માના મુખપર જાઉં વારી, સારી, પ્યારી, વારી, બાળક. આ૦
દેશ દેશના સંગજ આવે, નાનાવિધના મેવા લાવે;
થાળ ભરી મોતીડે વધાવે, આવે, લાવે, વધાવે. બાળક. આ૦
દીન દયાળી દેવીની આગે, ગાય શેવક સૌ ઝીણા રાગે,
સુખ અનુપમ દાસજ માગે, આગે, રાગે, માગે, બાળક. આ૦
માતુ અમારાં કષ્ટ નિવારી, શિશુની અરજી હૃદયે ધારી;
ગિરિજાશંકરને દ્યો મા તારી, વારી, ધારી, તારી, બાળક. આ૦

(દશા શી આ થઈ મારી, એ રાગ).

શુચીનગ માંહીં વસનારી, કરો રક્ષા સદા મારી. ટેક.
ગુણ તારા ગાયા નહીં પામી મનુષ્ય જાત,
પુત્ર કુપાત્ર કદી થતાં ક્રોધ કરે નહીં માત;
કરો સૌ માફ ગુના ભારી, દિયો દધી દુખનો તારી. શુચી૦
દેવી તુજ દરબારમાં હવન અતિશય થાય,
પ્રત્યક્ષ પારો પરખતાં ભવનાં પાતીક જાય;
છબિ રસીલી ચમત્કારી, અભયવર દાન દેનારી. શુચી૦

મંત્ર તંત્ર જાણું નહીં ક્રીયા ન જાણું કાંઈ,
પામર પ્રાણી જાણીને કૃપા કરો સુખદાઈ;
સેવે સુત તારો ત્રીપુરારી, સફળ કરો જીંદગી સારી. શુ૦ ૫

(જોડી તેં ના જોઈ માડીરે, એ રાગ).

દયાળુ દીન દાસ જાણી રે, (૨)
સાહ્ય કરો હે શૈલસુતા તમે શંકર પટરાણી;
કરૂં હું સેવસદા તારીરે, (૨)
વિશ્વરૂપી આ વન વગડામાં બચવા દો બારી;
ભવાની ભવ ભંજન માતારે (૨)
સુર સનકાદિક સ્મર્ણુ કરે નીત નારદ ગુણ ગાતા;
હરિ હરધ્યાન ધરે તારૂંરે, (૨)
બ્રહ્મ પુરંદર રોજ પઢે છે માહાત્મ તુજ ન્યારૂં;
મંમાયા ગુણ તારા ગણતાંરે, (૨)
પાર ન પામે શેષ ને શારદ કોટિક ભવ ભણતાં;
તુચ્છ અતિગતિ મિત મારીરે, (૨)
ગિરિજાશંકર પ્રણમે પ્રીતે દિયો મા સુધારી.

(ગણે જુદાઈ પ્રાણ, એ રાગ).

ભોળિ ભવાની માત તારી જુગો જુગ ખ્યાત,
છોજી માજી પ્રખ્યાત ચાહું સેવા તારી;
નમ્ર સ્તુતિ સુણી સાર કરી વણિકની વ્હાર,
સિંહે થઇને મા સ્વાર ઝાઝ દીધું તારી;

યુદ્ધ મચ્યું જ્યારે પુર લડતાં ભાગ્યા સરવે સુર,
મદ પીને ચકચુર લીધું ધનુષ્ય ધારી;
કરી દેવતણી પક્ષ રીસે રાતાં થયાં ચક્ષ,
વડા દાનવ જે દક્ષ મા તેં નાંખ્યા મારી;
સાર્યાં સુરતણાં કામ ફેડી અસુરનાં ધામ,
આપ્યાં અભય મુકામ એવી કૃતી ભારી;
ગિરિજાશંકર ગુણ ગાય હૈયે હરખ ન માય,
માજી ધારીને દયાય સાહ્ય કરો મારી.

(અતુલ શ્રૃંગારછો વારે વારે, એ રાગ).

છબિ સુખ કારછે માજી તારી,
ગહન દુઃખ હારને લાગે પ્યારી;
ભવ દરિયામાં ભટકી મરૂંછું, તારણ ત્રીપુરાર છે. માતુ મારી. છબિ૦
મોહ માયા મગતાતણા અગણિત ખડકો માંય,
લોભ લહેરથી માહરૂં નાવજ ગોથાં ખાય;
ગિરિજાશંકર નેહે નમે છે. અરજ ઊર ધારને. માતુ મારી. છબિ૦

(અરે શું માનવનો અભિમાન, એ રાગ).

સેવેથી આરાસુરની રાય, સકળ દુઃખ કાપશેરે.
કરીને મહેર સદા મંમાય શિરે કર સ્થાપશેરે,
શિરે કર સ્થાપશેરે, અભય વર આપશેરે– સેવેથી૦
નાના વિધનાં નવિન નવિન રૂપધા.........રેસતી.
ભક્તજનોનાં કાર્ય ભાવ ધરિ સા.........રેઅતિ.

પળમાં અંબે માય સેવેથી આરાસુરની રાય.
બહુ મનુષ્ય મન મોટાઇથી અભિમાનમાં અથડાઇ મરે;
સેવે નહિં સુખકાર તો સુભ કાર્ય તેનાં કેમ સરે,
આભવ સરિતા વેગવાળી વગર સ્મર્ણે કેમ તરે;
ગિરિજાશંકર ગીત સ્તવેથી ઇશ્વિરી અગારે ભરે. સેવેથી૦

(જગતમાં તે નરને ધિક્કાર, એ રાગ).

ભજન કરો ભગવતીનું ધરી હાગ. રટો ભાઇ રસનાથી સુભ નામ. ભ૦
સેવેથી આંરાસુરનું ધામ સુધારે જનની જનનાં કામ,
અંબે આઇ આશ પુરેરે આનંદે અર્પી અભય મુકામ. ભજન૦
આ અવનીનાં અદભૂતે રૂપે પ્રૌઢ પ્રતાપી માત,
જળહળ જ્યોતો બળતી નીશદીન પારો છે પ્રખ્યાત;
મંમાયાનું દરશણ કરિયે તન મન સોંપી ચાચર ફરિયે,
નમિ નમિ કરી પ્રણામ. ભજન૦
બહેરાં મુંગાં અને આંધળાં પગે પાંગળાં જેહ,
ભાવ ધરી આ મંડપ જાતાં નીરમળ થાયે દેહ;
નીરમળ થાયે દેહ પલકમાં, અવર નથી કોઇ આરે ખલકમાં,
દિયે દુઃખ હરી આરામ. ભજન કરો ભગવતીનું ધરી હામ.

(નથી જગતમાં સાથ, એ રાગ).

તારણ તું ત્રીપુરાર (૨) અલ્પ મા અરજી ઊરમાં ધાર,
અગણિત સંકટ મા મમ તનનાં સાહ્યક થઇને નિવાર. તારણ૦
આભવ દરિયો દુખનો ભરિયો ધાડો છે ગંભીર,
મહિષમર્દની મહેર કરો તો, પળમાં પહોંચું (પેલી) તીર,

નહિંતર પછી પસ્તાવું, ફોકટ ફરિ ફરિ આથડાવું,
દેહ ધરવો વારંવાર (૨) જનમ પીડ સહીને અપરમપાર,
ગિરિજાશંકર પ્રેમથી પ્રણમી પુજે પાય,
દયા દ્રષ્ટી દેવી કરો, તો ભવ ફેરો જાય. દેહ ધરવો.

(સુંદીર શામળીયા નામ જપીશ નીત તારૂં, એ રાગ).

સેવું શક્તિ વડી વાંક માફ કરો મારો,
ભટકું ભૂલો પડી સાહ્યક થઇને તારો. સેવું.
જનમ ધરિ સુભ કાર્ય ન કરિયું પરનારી પરદ્રવ્યજ હરિયું,
પાપ કર્મ કરી પેટને ભરિયું જીવ્હાએ તુજ નામ ન ધરિયુ,
(હવે) દેવી દયાદીલ ધારો, સેવું શક્તિ વડી૦
જ્યાં જ્યાં જોઊં ત્યાં ભાગવતી ભાસે, નહીં મા તુજવણ ખાલી અવાસ;
ટેક એક ધરી શરણું સહાસે, ભવ સાગરતરી નિશ્ચય જાસે;
જળ હલતો તુજ પારો. સેવું શક્તિ વડી૦

(ઝીણા ઝરમર વરસે મેહ, એ રાગ).

સૌ ચાલો દેવી દરબાર, દરશન કરવાને;
ગુણ ગાઇએ તે અપરમપાર, તાપો સમવાને.
દરસણ કરીયે, ચાચર ફરીયે, સાથે રહી નર નારરે;
ડુબતાં દીલ દરિયાની અંદર, આંબે ઉતારે પાર. દરસન૦
કુરકુટ પર સ્વારી કરી, ભોળી બૌચર માય;
યવનોને સંહારીને, ધર્મની કીધી સહાય.
મહા મનોહર માનસરોવર, માંહી જે કોઈ નહાયરે;
ટળી જાયે પાપો તનનાં પળમાં, નીરમળ થાયે કાય. દરસન૦

સિંહાસન સોને જડયું, ઉર મુક્તાના હાર;
અલંકાર અંગે અતિ, ગણુતાં નાવે પાર.
દીન દયાળી મા સુખકારી, પુરો મનની આશરે;
ધ્રી કર જોડી પ્રણુમે પ્રીતે, ગિરિજાશંકર દાસ. દરસન૦

(હુંતો લટક મટકથી ચાલીશ, એ રાગ).

પુજું પ્રેમ ધરી પાવડીયો, અંએ અવિચળ લેવા સુખ. ટેક.
જળ સ્થળને વળી નભ મંડળમાં, નેહ ધરીને ન્યાળું;
જ્યાં જ્યાં જોઉં ત્યાં સઘળે શક્તિ, અન્ય નહીં કંઇ ભાળું. પુજું૦
દુર ઘટ ઘાટો આ અવનીના, ભમતાં નાવ્યો આરો;
ગભરાણો ગાંથાં ખાઇ, તવ ઝાલ્યો તારો પારો. પુજું૦
દીન દયાળી નીજ ભક્તોને, પ્રેમ ધરીને પાળો;
પૂર્ણ કરી મન આશ પલકમાં, દુઃખ જનમનાં ટાળો. પુજું૦
વિમળશાહે વિરૂદ્ધ હાલી, ઉત્તર અવળો દીધો;
કોપ કરીને દેવળ બાળી, અવાસ ઉજડ કીધો. પુજું૦
સગળ શેઠે શીશ નમાની, નમ્ર વિનંતી કીધી;
બળતાં દેવળ પાંચ ઉગારી, અરજી ઉરમાં લીધી. પુજું૦
આ અવનીમાં કોઇ નથી મા, સગું સબંધી મારૂં;
ગિરિજાશંકર ભાવ ધરીને, ઇચ્છે શરણું તારૂં. પુજું૦

(ડરે ન માતુ મારી, એ રાગ).

આઓ માતુ મારી, વ્હારે ચડવાને તૈયાર.
કપટે કુટાઈ લાલચે લોભાઈ, થઈ રહ્યોછું ખુવાર, ખુવાર માતુ મારી. વ્હા૦

દીન દાસ ધારી માજી લ્યો ઉગારી સિંહે થઇને મા સ્વાર. સ્વાર માતુ મારી. વ્હા૦
મમતા તુટે બંધન છુટે, પામું જ્યારે તુજ દેદાર, દેદાર માતુ મારી. વ્હા૦

(હતી કયાંરે સરવ સોધીએ અમે, એ રાગ.)

નીત્ય નમીએરે, આઈ અંબિકા અમે;
જેથી જનમો જનમનાં, પાપ સૌ સમે. નીત્ય૦
છોજી માજી દયાળ ને કૃપાળ, વ્હારે ચઢો ભક્તપાળ. નીત્ય૦
દેવી દીલ ધસે, મળવાને મસે, વદીયે દીન મુખે;
ડુબતાં દુનીયાના દુઃખે. નીત્ય૦
માતા દાતારે, સર્વ દુઃખ કરો દુર;
સુખ સાતારે, માજી આપો ભરપુર.
ભવસાગર ભારે, સ્હાય થઇને તારે, બીજું કોણ ઉગારે;
સદ્ય આવી આ સમે. નીત્ય૦
સિંહ વાહનીરે મુજપર, મહેર કરો મંમાય;
ચરણ પડી તુજ શરણું ઝાલ્યું, મારો કે ઊગારો;
ગિરિજાશંકર પ્રેમ ધરીને, સેવે તારો પારો. નીત્ય૦

(રાગ પીલુ, કહું શું નસીબે).

ગિરિ આરાસુરમાં વસનારી, રિસ ન કરશો કૃતી જોઈ મારી;
જાણી બાળ દયાળજ જનની, સંહાર દુરમતિ મા મમ મનની;
કર્મ ન કરવાનાં બહુ કરિયાં, રસનાથી તમે માજી વિસરીયાં;
લાગી લલનામાં મુજ લગની, લજ્જા વીસારી યારી કરી ઠગની;
જીવતર સઘળું વ્યર્થરે ગાળ્યું, જુલટ ધરી તુજ શરણુ ના ઝાલ્યું;

માયા મમતામાં લપટાઇ, **પૂજી** પ્રીતે ગુણ જાણ્યા ન ગાઇ;
રટણ કરીશ હવે હું તમારૂં, **શ્રી** સેવું કર રક્ષણ મારૂં.

(મોહોલે પધારો મારા રાજ, એ રાગ.)

મહેર કરો મારી માત, અંબે આઈ મહેર કરોને.
છો જગમાં પ્રખ્યાત, અંબે આઈ મહેર કરોને.
ભવાબ્ધિમાં ભુલો પડયો, ચુકી સુધને સાન.
ઘોર કુકર્મ કર્યા ઘણાં, તેથી થાઉં ઘણો હેરાન. અંબે આઇ૦ ૧
મોહ માયાના પાસમાં, લુબ્ધ થયો હું અંધ;
બની ગયો બહુ બાવરો, તેથી તજ્યો તમારો સબંધ. અંબે૦ ૨
સુખમાં માજી વિસારીયાં, નવ જપ્યું તારૂં નામ;
દુઃખ દરિયામાં બુડિયો, ત્યારે આવ્યો હું તારે ધામ. અંબે૦ ૩
માનસરોવર ઝીલતાં, પાપ થયાં સૌ નાશ;
છબિ છબીલી નીરખતાં થયો ઘટમાં જ્ઞાન પ્રકાશ. અંબે આઇ૦ ૪
ગિરિજાશંકર પ્રીતથી, પ્રણમે વારંવાર;
હાથ ગ્રહો મા માહરો, જેથી થાયે જય જયકાર. અંબે આઇ૦ ૫

(રાગ આશાગોડી)

આશા પુરોને અમારી, આરાસુરી આશા પુરોને અમારી. ટેક.
દુર મુલકથી દર્શન માટે, આવે નરને નારી. આરાસુરી૦
તારણ મારણ દુઃખ નિવારણ, જગતજનુની તું ભારી. આરાસુરી૦
વંઝા નારી પુત્રને પામે, અકળીત માયા તારી. આરાસુરી૦
દુષ્ટ અસુરને દમતી માતા, સિંહ ઉપર કરી સ્વારી. આરાસુરી૦
નીજ ભક્તોપર વ્હાલ ધરીને, દે સુખ શાન્તી સારી. આરાસુરી૦

(વીરા વેશ્યાના યારી, એ રાગ.)

ગતિગહન તમારી, છો સુખકારી, જગતજનુની માત;
દો મતિ સારી, કુમતિ નિવારી—છો સુખકારી. જગતજનુની માત.
આરાસુર રળિઆમણું શીતળ વડની છાય,
કલોદર વાવનું પાણી પીતાં પાતીક સરવે જાય;
આશા પુરો અમારી, જાઉં બલીહારી—છો સુખકારી. જગત૦
સુંદર દેવળ શોભતું, શીખર ગાગર ચાર,
મંડપમાં બિરાજીયાં, મા સિંહે થઇને સ્વાર;
ફરતો કિલ્લો છે ભારી, જુક્તી સારી—છો સુખકારી જગત૦
ગબર પરવત તાહરૂં, અસલી માતા ધામ;
જે જન જાયે ભાવ ધરી, તેનાં પૂર્ણ કરો મન કામ;
લાગે મનોહારી, રચના ન્યારી—છો સુખકારી. જગતજનુની માત.
ગિરિજાશંકર સદાય સેવે, પવિત્ર તારા પાય,
દીન દયાળી દાસ જાણી, મહેર કરો મંમાય;
સ્નેહ અંતર ધારી, લ્યોને ઊગારી—છો સુખકારી. જગત જનુની.

(સોરઠી ગઝલ.)

દેવી આવી તુજ દરબારમાં, અતિ નમ્ર થઈ વિનતિ કરૂં;
દયાળુ દીલમાં દયા ધરો, મારા તાપ તનના સૌ હરો.
જુઠા જગતમાં આથડું, ગ્રહી હસ્તને સુખીયો કરો—દેવી૦
સગાં સંબંધી સરવે ખોટાં, ખોટો આ સંસાર છે;
સર્વે જનોને તાહરો, આઈ ઈશ્વરી આધાર છે—દેવી૦

મનહર.

ગિરિ હિમ સુતા સતી, રિપુ રોળ્યા રણે અંતિ;
જાચું છું હું શુભ મતિ, શંકરી આ કાળમાં;
કરો કૃપા કરૂણાળુ, રટણ કરૂં છું તારૂં;
લલચાયો જગતની, લુબ્ધ થઈ જાળમાં;
રાખી લજ્યા સર્વ મારી, મહા કષ્ટથી ઘો તારી;
ઉગારી કરો આભારી, માફ કરી પાપને;
પુરો આશ માની દાસ, રહેમ ધરીને ખાસ;
વાસ કરો હૃદયમાં, શીશુ નમે આપને.

(વ્હાલા રહો વેગળા ગાળો ખાશોરે, એ રાગ.)

આરાસુરી માત છો ઉપકારી, કોટી શશી સમ છબિ સુખકારી. આ૦
દીન દાસ ઉપર દયા ધારોરે, ખોટાં કર્મને માજી નિવારોરે;
ડુબતો ભવ નીધિ પાર ઉતારો આરાસુરી૦
માનાં દરસનથી દુઃખ વામેરે, ભકતો અનુપમ સુખને પામેરે;
સ્રષ્ટીમાં શુભ કીર્તી જામે. આરાસુરી૦
દેવ દાનવથી વઢતાં હાર્યારે, ત્યારે માજી તેં આવી ઉગાર્યા રે;
દગાખોર દાનવ સંહાર્યા. આરાસુરી૦
ગિરિજાશંકર તારો દાસરે, કૃપા કરીને રાખો પાસરે;
કરો પૂર્ણ મા મનની આશ. આરાસુરી૦

રાગ માઢ.

દીન દયાળી, સાચી મેં ભાળી, જગતજનુની માત;
તલ્પે અતિ ચિત્ત (૩) દર્શન કરવા માત.

નિશદીન આપનો જાપ જપું, દુઃખ તાપે તપું, કરો મ્હામ છોગાળી;
દાનવ દેવને દમતા ઘણા, કરી ક્રોધ સંહાર્યા સૌ ખપ્પર ધારી;
મ્લેચ્છ મહામતિ મૂઢ હતા, પણ પાય પડાવ્યા તેં બહુચર બાળી;
શંકરને અર્ધાંગે શોભો, અતિ પ્રીત થકી હે માત કૃપાળી;
રટું રોજ આપ તણું, નામ નામ નામ:
આરાસુર રૂડું શોભે, ધામ ધામ ધામ;
નથી ડરવાનો બીજો, ઠામ ઠામ ઠામ. દીનદયાળી૦

(ડરમાં તું દીલ સાથ છોકરા, એ રાગ).

જનુની છો પ્રખ્યાત, જગતમાં જનુની છો પ્રખ્યાત;
રહ્યાં જળ સ્થળ વ્યાપી માત, જગતમાં. ટેક.
હે મમ માતા, ધો સુખસાતા;
અષ્ટ ભુજા આઇને અતિ છાજે, સિંહે ચઢી મંમાયા ગાજે;
મહેર કરી ભકત વણીકને કાજે, ત્રિશૂળ મારીને તાર્યું મા ઝાઝ.
સ્તવું દર્શન ધો સાક્ષાત, જનુની દર્શન ધો સાક્ષાત—જગતમાં૦
માત કૃપાળી, છો મા દયાળી;
જે જન તારૂં મા ધ્યાન ધરે છે, સુત ધન અર્પી તું આભરે ભરે છે;
નિશદીન રક્ષણ માજી કરે છે, સંસાર સાગર સદ્ય તરે છે;
એવાં ભક્ત વત્સલ છો માત, જનુની ભક્ત વત્સલ છો માત.-જગ૦

(શું નટવર વસંત થેઈ થેઈ નાચી રહ્યો, એ રાગ.)

આનંદ આનંદ અતિ વ્યાપી રહ્યો, અહો.
વ્યાપી રહ્યો સુખ આપી રહ્યો. આનંદ૦

ઉજ્વળ નવરાત્રી તણા દીવસોમાં ઘણી લહેર,
રમે જમે સૌ સુખમાં જ્યાં મંમાયા મેહેર;
ગરબે ઘૂમે ઘણી ઘરોઘર નારીયો,
ઓત્સવ અધિક જ્યાં ત્યાં જામી રહ્યો. અહો આનંદ૦
ત્રીપુરારી ત્રણ લોકમાં, સિંહે થઇને સ્વાર;
ખપ્પર ખાંતે કર ધરી, કરે દુષ્ટ સંહાર;
કરી દુષ્ટનો સંહાર, ભક્તને પાળે રે;
આઇ અરપે રિદ્ધી અપાર, કષ્ટ નષ્ટ ટાળે રે;
આદ્ય શક્તિ છો અંબિકા, જાહેર જુગમાં માત;
વિઘ્ન વિદારણ વિશ્વમાં, દેવી છો શાક્ષાત;
ખુબ્બા ભરી ખેલો ઇશ્વરી ખેલમાં,
દાનવનો સાથ સર્વ ત્રાસી રહ્યો. અહો આનંદ૦

ભજન ૨ેા.

છો જગતંબા સુખકારી, નમું નમું હું દીન દીલ ધારી. ટેક.
દયા દ્રષ્ટી કરો જો માય, તો તો ભવનાં પાતિક જાય રે;
કાપો કષ્ટ તમે ત્રીપુરારી, નમું નમું હું દીન દીલ ધારી. ૧
સત્ય ટેકે વંઝા પામે પુત્ર, જેથી સુખે ચાલે ઘરસુત્ર રે;
ગતિ ગહન અતિ મા તારી, નમું નમું હું દીન દીલ ધારી. ૨
ખરૂં તત્વમાં તત્વ તું એક, વ્યાપ્ત જગ ખગ નગમાં છેક રે;
અરજી નમ્ર લીયોને સ્વીકારી, નમું નમું હું દીન દીલ ધારી. ૩

(પાતળિયા પરિશ્રમ લ્યો શાને, એ રાગ.)

મંમાયાનું સ્મર્ણું કરી લ્યો, જગત આ મોહની જાળ (૨) છે.
મોત હમેશાં ફેરા ફરે છે, મનુષ્યને શિર કાળ (૨) છે.
માજીને ન્યાળવી, ચીન્તાને ટાળવી, તૃષ્ણાને ખાળવી.
હાં......(૨) શીરમણી, પ્રાણી તણી. મંમાયાનું૦
આદ્ય શક્તિનું નામજ લેતાં પાપી પાવન થાય (૨) છે.
આધી વ્યાધી ને ઉપાધિ સર્વે દ્રષ્ટીથી દુર પળાય (૨) છે.
જાવાથી સનમુખ, અતિ મળે સુખ, સર્વ ટળે દુઃખ.
હાં......(૨) મોટા જતી, સેવે અતિ. મંમાયાનું૦

(થયા છો રે પતિ તેજ પ્યારી તનના, એ રાગ.)

સૌ આવો ગુણ ગાઓ, હળીમળી ખુશી ખુશી થઇને અપાર;
દેવી દયાળી નજરે ન્યાળી, જગત જનુની માત;
ત્રીપુરારી, છબિ સારી, સુખકારી; દુઃખહારી;
ભવસાગરમાં ભટકું ભાવે, હસ્ત ગ્રહી મા તાર. સૌ આવો૦
સદા શ્રેષ્ટ સુખ કરણી માતા, દુઃખ હરણી જગદંબ;
પડું પાય, હે માય, કરો સ્હાય, દુઃખ જાય;
અકળ કળા અતિ ઇશ્વિરી તારી, શેષ ન પામે પાર. સૌ આવો૦

રાગ કલ્યાણ.

અંબે આરાસુરી, તું છે આદ્ય ઇશ્વરી;
સકળ સ્રષ્ટી સેવે તુજને, ત્રીપુર સુંદરી. ટેક.

માત જાગતી જ્યોત જગતમાં, અવીચળ તારૂં નામ;
જ્યાં જ્યાં જોઉ ત્યાં માજી તુજવણુ, ખાલી નહીં કંઈ ઠામ. અંબે૦
નવરાત્રીના શુભ દીવસોમાં, અતિશય આનંદ થાય;
સહચરી ખેચરી સાથે લઇને, ગરબે ઘૂમે માય અંબે૦
ચુંડ મુંડ ચાંચડ વત ચોળ્યા, રોળ્યા અસુર અપાર;
પ્રેમ ધરી ભકતોને પાળ્યા, કરી દુષ્ટ સંહાર. અંબે૦
મહિષમર્દની મહેર કરી, મમ સંકટ સઘળાં કાપ;
ગિરિજાશંકર નીત્ય નમે છે, અક્ષય સુખ મા આપ. અંબે૦

(મુને સહાય કરશે મોરારી, એ રાગ).

અંબે તારો ભરૂસો છે ભારીરે,
દીન જાણી વારે ચઢો મારી. ટેક.

છબિ છે સારી, અતિ સુખકારી, મા ગતી ગહન છે તમારી. અંબે૦
ડુબતાં વણિકે સ્તુતી કરી ત્યારે, આવ્યાં ધાઇ ત્રીપુરારી;
ખડ્ગ ગાર્યું, નાવ તાર્યું. દાસને લીધો ઉગારી. અંબે૦

(મારા હૈયા કેરા હાર નજર કયાં આવશોરે, એ રાગ).

મંમાયા વિનતી નમ્ર હૃદયમાં ધારશોરે;
હૃદયમાં ધારશોરે, શેવકને તારશોરે. મંમાયા૦
મુરતી મનહર લાગે પ્યારી, વાણિ વદતાં જાયે હારી;
જગનાયક સુખદાયક, ભવ ઉતારશોરે. મંમાયા૦
ચરણ શરણમાં રાખો માતા, રિધસિધ આપો હે સુખદાતા;
સુમતિ દઇને કુમતિ માત નિવારશોરે. મંમાયા૦

ગિરિજાશંકર પ્રણુમી કહે છે, ઉમીયાપુર નગરીમાં રહે છે;
દાસ દયાળુ જાણી, આઇ ઊગારશોરે. મંમાયા૦

(નેનાં કસુંબી રંગ હો ગયે, એ રાગ.)

તારો ભવાની ભાવે હું ભજું, ભવાની (૩) ભાવે હું ભજું,
લાવી દયાળુ દીલ રેગ. તારો ભવાની૦
સુખદાતા (૩) સુખદાતા છો માતા;
પુજું પાવડીયો ધરી નેમ. તારો ભવાની૦
હું ભટકું (૩) ભુલો પડી ભટકું;
શાન્તી મેળવી શકું કેમ. તારો ભવાની૦
ઊગારો (૩) મંમાયા ઉગારો;
દાસ ઊપર લાવી પ્રેમ. તારો ભવાની૦

(સુણ સજજન સંધ્યા સમય સેલને સારૂ, એ રાગ.)

મંમાયા વિનંતિ આજ હૃદયમાં ધરજો,
સ્વીકાર કરો મમ માત ગરીબની અરજી;
ઘણાં કુકર્મનો કરનાર પાપી હું પ્રાણી,
ઊતારો ભવ જળ પાર શેવક નીજ જાણી.
ભમું ભવ અટવિની માંહી વિકળ અતિ થઇને,
અગણિત ધર્યા મેં જન્મ મરણ પીડ સહીને;
લાગી મોહ માયાની જાળ નીકળું શી રીતે,
ભવસાગર પાર ઉતાર સ્તવુંછું પ્રીતે.

થયો તરૂણીમાં ગુન્નતાન ચુકી સુધસાન,
કરો સ્હાય છોગાલી માત દઈ સદ ગ્નાન;
આવ્યો માજી તમારે શર્ણું પાય હું લાગું,
કર્યાં કર્મ ઘણાં એક ઘોર માફ સો માગું.
નીત ધરૂં તમારૂં ધ્યાન અચળ સુખ લેવા,
છો માજી તમો સમરથ દેવાધિ દેવા;
ગિરિજાશંકર ગુણ ગાય માતાજી તમારા,
પુર કૃપા કરી જગદંબ મનોરથ મારા.

(વિરહી વરસાવે આંસુ ગઈ ગ્રીષ્મ ને આવ્યું ચોમાસુ, એ રાગ.)

મારૂં કષ્ટ કૃપાળુ કાપો, સ્તવું ટાળો તનના તાપો;
રમ્ય ધામ અતિ સુખકારી, ગિરા વરણવતાં જાયે હારી;
રિદ્ધી દિયો દયા દીલધારી, જાચું કિરતાર;
સંસારથી તાર, કરી દુર પાપો. સ્તવું૦
રચના દેવળની ન્યારી, લાગે છબિ સુંદીર મા તારી;
લઈ વિનતિ ઉરમાં મારી, જીવન આધાર;
ઉંઘેલો ઉગાર, ઝાલી કર સ્થાપો. સ્તવું૦

(વટ સાવિત્રિવૃત આજ પુરણ કરીએ રે, એ રાગ.)

રૂડું અંબાયાનું ધામ, મનહર શોભે છે;
છબિ નિરખવાને, મન મારૂં લોભે છે;
આનંદ ઉર ઉભરાય, ચાચર રમવાને;
ગાઉં ગુણ તમારા માય, પાપો સમવાને.

છત્ર સોનાનાં શિર શોભતાં રે,
કંઠે હીરાના હારરે, દીન દયાળી દાસને ઉગારશો;
આભુષણ અંગે અતિ ઓપતાંરે.
ટીલડીનું તેજ અપારરે, દીન દયાળી દાસને ઉગારશો;
ચાચરમાં ચોઘડીયાં રે વાગે, દર્શનથી દુઃખ સર્વે ભાગે;
પ્રણમી પાયે દાસ માગે રે, અંબાજી ઉગારો;
ગિરિજા શંકર કે કરજોડી, મારામાં બુદ્ધિ છે થોડી;
રમે દેતાં માજી છોડી રે, અંબાજી ઉગારો.

(ગુલાબી મધુ પાજો મારા રાજ, એ રાગ.).

જનુની તમો તારણ ત્રીપુરાર,
દુઃખ ટાળી સુખ કરનાર, માજી ભવ દુઃખનાં હરનાર. જનુની૦
દરસણ માટે આવીયો રે, હર્ષ ધરીને હજુર;
સહાય કરો મા માહરી રે, કષ્ટ કરી સૌ દુર. જનુની૦
પ્રાત મધ્ય દીનાંતમાં રે, ધરો મા જુદાં રૂપ;
બાળ તરૂણ ને વૃદ્ધમાં રે, ભાસો ભગવતી ભૂપ. જનુની૦
ગિરિજા શંકર નમે સ્નેહથી રે, ટાળો ને ભવ ફંદ;
દયા લાવી દીલમાં રે, દર્શન ઘો સુખ કંદ. જનુની૦

(પામ્યો પામ્યો પદમણી નારી હો, એ રાગ).

આવ્યો શર્ણું તમારૂં ધારી હો, ચામુંડા કરો સ્હાય મારી;

રચના આરાસુરની છે ન્યારી, જગમાં પ્રસરી કીર્તિ સારી,
ગિરિ ગબ્બર વસો સુખકારી હો, ચામુંડા૦
રિતી સુનીતિ મેં નથી પાળી, જાપ જપું નીત માત કૃપાળી,
સંસાર અસાર ઘો તારી હે. ચામુંડા૦
કરમાં માજી ત્રીશૂળ ધારી, રણમાં રોળ્યા દૈત્ય અપારી,
લાવી દેવ ઉપર દયા ભારી હો. ચામુંડા૦
લહો ગંગાયા વિનતિ સ્વીકારી, જીતાડો જન્મ મર્ણુ નિવારી,
ઉંઝા વાશી નમે વારંવારી હો. ચામુંડા૦

(છબિલીના છેલા યાર તમે ચાલો, એ રાગ.)

મા અકળ કળા ભારી, ઘો તારી;
હું લળી લળી લાગું પાય, કૃપા કરો દયાળુ માય.
જેથી જન્મનાં પાતિક જાય, ટાળો કુમતિ મારી—ઘો તારી૦
સુખકારી તારૂં નામ, નહિં બેસે જપતાં દામ;
કરે સ્મર્ણુ ઠરે જન ઠામ, છો મા પર ઉપકારી—ઘો તારી૦

(કાન્તા કેમ થશે, એ રાગ).

અંબે આરાસુરી, કષ્ટ નષ્ટ ટાળોરે;
પુજું પાય, કરો સ્હાય, દુઃખ જાય, સુખ થાય,
પ્રેમ ધરીને પાળોરે. અંબે આરાસુરી૦
સિંહ વાહની, નેહ નજરે ન્યાળોરે;
આવીને પાસ, ઉભો છે દાસ, ધરીને આશ, છો સુખરાશ,
તનના તાપો બાળોરે. અંબે આરાસુરી૦

(પાટણના નૃપ નથી તુજ મહોલે, એ રાગ).

અલબેલી અંબા તુજ સમ નથી અવર ઉપકારી,
કરી મા સિંહે અસવારી, લીધાં આયુધ સરવે ધારી;
દેવને દાનવ મહા ભય દેતા, માર્યા ત્રીપુરારી. અલબેલી૦
હૃદયમાં ભાવ ધરીને જન, સમર્પીને તન મન વળી ધન;
કરે માતા તારૂં દરસન, તરે તે ભવસાગર ભારી. અલબેલી૦
દધી રૂપ દુઃખી દુનીયાની માંય, જંજાળી જીવજ ગોથાં ખાય;
દયા કરો મા તો માહા સુખ થાય, મંમાયા છો બહુ સુખકારી. અલ૦
જોડી કર વિનવે તારો દાસ, કૃપા કરી પુરો મનની આશ;
શેવક ધારી મા રાખો પાસ, લાલજી સુત જાયે બલીહારી. અલ૦

(કોઇ હાલ કહો જાકે, એ રાગ.)

માજી અર્જ સુણો મારી, છોજી શેવકને સુખકારી. માજી૦
અતિ રસિક મા છબિ બિરાજે, આરાસુરની માંય;
કરતાં દર્શન પાપ પળાય, શીતળતા થાય, દુઃખ સૌ જાય;
ઉતારો ભવ પા.........રી. માજી૦
ગિરિજાશંકર દાસ તાહરો, વિનવે વારંવાર;
છે માજી તમારો આધાર, દયા દીલ ધાર, કરોને વ્હાર;
વિઘ્નોને નિવા.........રી. માજી૦

(ધન્ય મંગળ દીન આજરે, એ રાગ)

ધન્ય દિવસ મંમાયરે, વાધ્યો ઉમંગ ઉરમાં;
શોભા બની બહુ ચાચર કેરી, આનંદ ઓત્સવ થાયરે. વાધ્યો૦

નેહ ધરીને માજીને નમતાં, ભવનાં પાતિક જાયરે. વાધ્યો૦
અગણિત ગુણો ઈશ્વરી તારા, શેષ થકી ના કથાયરે. વાધ્યો૦
કમળવદન મા હસ્તું નીહાળી, હૈયે હર્ષ ન માયરે. વાધ્યો૦
વિપ્રો પારે પાઠ કરે છે, હોમ ઘણેરા થાયરે. વાધ્યો૦
સુર સનકાદીક ધ્યાન ધરેછે, નારદ તુમર વાયરે. વાધ્યો૦
ગિરિજાશંકર શેવક તારો, પ્રેમ ધરી પુજે પાયરે. ગુણ ગાયરે. વા૦

(સખી વિરહી જનની પીડ, એ રાગ.)

હે દીનદયાળી માત, છો સુખકારીરે;
પરીપૂર્ણ કરો મન આશ, દુઃખોને નિવારીરે.
આ ભવસાગરની માંહી, ડુબતાં તારોરે;
છે અવનીમાં પ્રખ્યાત ઝળહળ પારોરે.
આભુષણ અંગે ધર્યા, સજ્યા સોળ શણુગાર;
સુંદર મનહર શોભતો ઉર એકાવળ હાર, ઝગમગ ઝળકે છે.
કાને કુંડળની જોડ, રવિસમ લળકે છે;
માંહી જડેલ સાચાં નંગ, અતિશય ચળકે છે.
અણુવટ નેપુર વીંછુવા, ઘુઘરીનો ધમકાર;
સુવર્ણ કંકણ કર ધર્યા ટીલડી તેજ અપાર, સુંદીર લાગે છે.
ગાય ગરબો ચોસઠ બેન, વાજીંત્રો વાગે છે;
આવી ઈંદ્રાદિક સૌ દેવ, સુભ વર માગે છે.
શી માયા સંસારની, જીવ લોભી લલચાય;
તૃષ્ણા તજીને તુજને, ભજવાથી દુઃખ જાય, ને સુખ થાયે છે.
તારી ભક્તી કરવાને મન મારૂં ચાહે છે;
ગિરિજાશંકર રહી શર્ણુ તુજ ગુણ ગાયે છે.

(એક નારી જગતમાં પ્યારી, એ રાગ).

મંમાયા તુજ ગુણ ગાઊં, (૨).
નીશ દીન અંબે ભાવ ધરીને, ગુણ ગાઊં સુખી થાઊં. મંમાયા૦
શીવ સનકાદિક ધ્યાન ધરે, સૌ દેવ અભય વર માગે;
એવી તારી પ્રબળ ગતિ જોઈ, અંતરમાં હરખાઊં. મંમાયા૦
ઘોર કુકર્મી ને હું પાપી, અપકીર્તિ અતિ વ્યાપી;
લાવો દયા દીલ દેવી તથાપી, તો ભવ ઉતરી જાઊં. મંમાયા૦

(જીસ્કા જાની જુદા હોજાવે, એ રાગ).

નીત સેવક (૨) નમી ગુણ ગાયે, મહેર કરો મા તો સુખ થાયે,
પુરોછું પાપી માતાજી તથાપી, દરસણુથી દુઃખ દુર જાય;
અંબે આઈ દરસણુથી દુઃખ દુર જાયે. મહેર૦
આધિ ને વ્યાધિ ઉંપાધિ સમાવી, ત્રીપુરારી કરો સ્હાય;
અંબે આઇ ત્રીપુરારી કરો સ્હાય. મહેર૦
દીન દુઃખ હારી બળતો ઉગારી, શીતળ કરો મારી કાય;
અંબે આઈ શીતળ કરો મારી કાય. મહેર૦

(રૂડી રઢીયાળીં રાત, એ રાગ.)

અંબા અલબેલી માત (૨) આવ્યો હું અશર્ણુ શર્ણે પ્રીતથી,
સ્મર્ણ કરૂં દીન રાત (૨) મંમાયા ભાવ ધરી સુ રીતથી.
લાવો દયા માજી મનમાં, જેથી કીર્તિ પામું જનમાં;
આવ્યો શર્ણે પ્રીતથી. અંબા અલબેલી૦

આદ્ય સ્થાનક મા તાહરૂં આરાસુરની માંહ્ય,
ભવ દરિયામાં બુડતાં તારો ઝાલી બાંહ્ય.
ગણુપતી ભૈરવ આગળ સોહીએ, દરસનથી દુઃખ સરવે ખોઇએ,
ભંડાસુરના ભય થકી, નાઠા સ્વર્ગથી દેવ;
શ્વેતા ગિરિ ઉપર જઈ, કરી મા તારી સેવ.
દયા ધારીરે દયાળુ દેવી દયા ધારીરે,
દેવને દુઃખથી દુર કર્યા દુષ્ટ દૈત્યને મારીરે;
છો સુખકારીરે આરાસુરી છો સુખકારી રે.
શેવકને આઈ સ્હાય થઈ ઘો શાન્તિ સારી રે.
જગ રણુમાં મમ મન મરગ, અથડાયે ધરી પ્યાર;
ભક્તિરૂપી ઉપવન તમે, દિયો સદા સુખકાર.
ઔદીચ બ્રાહ્મણુની જાત (૨) ગિરિજાશંકર પ્રણુમે શુદ્ધ ચીતથી,
છો જી જગમાં પ્રખ્યાત, રોજીંદા રટણુ કરૂં મા હીતથી—અંબા.

(વીધિ લખીયા લેખ ટાળ્યા નહીં રે ટળે, એ રાગ.)

દીન જાણી આઈ આશા પુરોને તમે,
આશા પુરોને તમે પ્રીતે શેવક નમે—આઈ અંબે. દીન૦
ચંચળ ચિતડું માહરૂં ભુલું ભવમાં ભમે,
મહેર કરો જો માવડી તાપ તનના સમે—આઈ અંબે. દીન૦
દુસ્તર આ દુનીયાં તણી જાળ જીવને દમે,
આરાસુર રળિઆમણું માજી મુજને ગમે—આઇ અંબે. દીન૦

પ્રભાતી.

ઉઠોને આઈ દીનદયાળી, મા મમ વખત વીચારી રે;
પુરણ પાપથી પોષણુ કરીયું, રહેમ જરા નવ ધારીરે. ઉઠોને૦
વાઘ વાહની દુ:ખ દાહની, શીવ શક્તિ તું સાચીરે;
ગિરિજા તુળજા આદ્ય ભવાની, રિતી ધરી નવ રાચીરે. ઉઠોને૦
જાહેર જનુની છો જગ માતા, શંખલપુરની રાયરે;
કપટી યવનોને સંહાર્યા, રમતાં રમતાં માયરે. ઉઠોને૦
લઇને ધનુષ ભંડાસુર માર્યો, લુટતો જે સુરધામ રે;
રાણી ટેક ભજે તુજને તો, મનની પુરો મા હામરે. ઉઠોને૦

શ્રી

शंकर स्तुती.

ભુજંગી.

વસ્યા વૈજ નાથેશ્વરા સીમ માંહી,
મનો કાર્ય થાયે જવાથીજ ત્યાંહી;
ગળે રૂંઢ ગંગા જટામાં દયાળુ,
કરૂં સ્મર્ણ હું શૈલજા કાન્ત તારૂં. ૧
પુરો પાપિ છું હું છતાં રેમ ધારો,
ભવાબ્ધિ તણી બીક ટાળી ઉગારો;
છબી શોભિતી ધ્યાનમાં રોજ ધારૂં,
કરૂં સ્મર્ણ હું શૈલજા કાન્ત તારૂં. ૨
તમો માહરા માત ને તાત ભ્રાતા,
સ્વયંભૂ વિભૂ છો ખરા મોક્ષદાતા;

નથી આ સમે શાણુ કો થાય મારૂં,
કરૂં સ્મરણું હું શૈલજા કાન્ત તારૂં. ૩

શંકર સ્તુતિ.

હરિગીત.

ગિરિજા સંગ વિભૂતિ અંગ છે ગંગ શીરે નીર્મળં,
રિદ્ધી દાયક જગતનાયક સૂર સાયક અવીચળં;
જાળ મોહની ટાળ કરીને વ્હાર હર વિશ્વેશ્વરં,
શંકરા છો દુઃખ હરા હું નમું નીત્યે મહેશ્વરં. ૧
કરતા ભરતા સકળ જગના હરતા શંભુ કલીમલં,
રમતાં રમતાં પશુપતિં અતિ પીધું વિષ હળાહળં;
લાજ પામે રતિ પતી રૂપ જોઇને મમલેશ્વરં,
લલિત વદનમાં ચંદ્ર રાજે નમું નીત્યે મહેશ્વરં. ૨
જીવ ભજતાં શીવ નીશદીન જીવ શીવ થઈ જશે,
શ્રી સતી પતિ સહાય થાતાં દુઃખો સૌ દૂરે થશે;
ઉંચ પદનો ભાવ રાખી રટણ કરૂં ત્રીપુરેશ્વરં,
ઝાલો હાથ હે **વૈજનાથ** હું નમું નીત્ય મહેશ્વરં. ૩

શાર્દુલ.

પ્રીતેથી પ્રણમું સુરેશ તુજને ટાળો સદા આપદાં,
ભોળાનાથ થઈ સહાય મુજને રાખો ન દુઃખી કદા;

શોભે છે શિર ગંગ સંગ ગિરિજા વામાંગ વિશ્વેશ્વરા,
સેવામાં નીશદિન હાજર રહું પ્રેમે ઘણા શંકરા. ૬

(છે જન પાળક ટાળક દુઃખનો, એ રાગ.)

હે જગનાયક છો સુખદાયક, ભક્તના સાહ્યક ઇશ્વિરા;
જટા જુટમાં નિર્મળ ગંગ ભૂતાદિક સનકાદિક સંગ;
સ્મશાન વિભૂતિ ચરચો અંગ પ્રણમામી હે શંકરા. હે જગનાયક૦
વૃષભતણું ઇશ વાહન છાજે ત્રીનયન ચંદ્ર લલાટે રાજે;
સૃષ્ટી ઉદ્દ્ભવ પાળણ કરતા, પીનાક ત્રીશૂળ હસ્તમાં ધરતા;
પાપી ઘોર કુકર્મી હરતા, ભોળાનાથ ઉમાવરા. હે જગનાયક૦

(ગાતજી ગુમાન શ્રી ગોવિંદ ગા, એ રાગ.)

વંદન હે શંકરા, જય ઉમાવરા, (૨)
કુમતિ કાપી સુમતિ આપો હે વિશ્વંભરા.
સહાય થા, કાળ આ, મહાંકાળેશ્વરા (૨) વંદન૦
વિનવે બાળ, થઈ કંગાળ, વિભુ વિષધરા;
તું ઉગાર, ભક્ત તાર, દુઃખ કરી પરા. (૨) વંદન૦

(નથી જગતમાં સાથ, એ રાગ.)

કરીને મનડું સ્થીર, ભજન કરો ભોળાનું ધરી ધીર;
આ ભવ સરિતા ઉતરીને, જીવડા જાવું પેલી તીર.

માયા મમતા મનોરથ મગરો, મોટી દે છે ફાળ;
તર્ક વિતર્ક તૃષ્ણારૂપી, વિહગો છે વિકરાળ.
શીવ સ્મર્ણ કરી તરી જાવું, નહીં તો અધવચ અટવાવું;
ભવદુ:ખ દુર કર ગંભીર, ઉમાના કાન્ત છે ગૌર શરીર.
જીવ જવું છે એકલું, જરૂર ઇશ્વિર દ્વાર;
પાપ પુન્યનું પુછશે, લેખું જગદાધાર. ભવ દુ:ખ૦

સમાપ્ત.

સૂચના.

દેવી સ્તુતિનાં ગાયનની ચોપડી નીચેના ઠેકાણેથી મળશે. જેઓને જોઇએ તેઓએ રોકડી કિંમતથી મંગાવી લેવી અગર વેલ્યુપેબલથી પણ મોકલવામાં આવશે. નોટપેડ લેવામાં આવશે નહીં.

ઊંઝા,
- આચાર્ય. નારાયણ લાલજીના ત્યાંથી.
- આચાર્ય. ચકુલાલ મગનલાલની દુકાનેથી.
- દ્વીવેદિ. નાનાલાલ લક્ષ્મીરામની દુકાનેથી.

હુબલી.—કર્ત્તા પાસેથી.